પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા–૦૩/૧૮–૧૯/ 11111-2 તા 31.12.18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા,
ભુવનેશ્વરી સોસાયટી મેઈન રોડ, પ્લોટ નં–૭૨–અ, શેરી નં.–૧
રણુજા મંદીર ની સામે, કોઠારીયા રોડ,
તા.જી. રાજકોટ
મો: ૯૨૭૫૯૦૦૯૯૯, ૮૧૪૦૦ ૪૨૧૩૭

વિષય :–નવા ઘરવપરાશ ના જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૫/ક્વા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨-૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૫/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૮–૧૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા, ગામ: રાજકોટ**

**રજૂઆત કરનાર: અરજદાર શ્રી અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ઘરવપરાશ ના જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૫૫/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, અરજદાર શ્રી દ્વારા તા.૨૭–૦૮–૧૮ ના રોજ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે નિયત અરજી ફોર્મ સાથે જરૂરી આધાર–પુરાવા રજુ કરતા – તે અંગે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ પ્રત્યુતર ન મળતા – રૂબરૂ સંપર્ક કરતા જણાવેલ કે – સદર જગ્યાએ કરશનભાઈ લાધાભાઈ ખોયાણી નુ પીજીવીસીએલ ની લેણી રકમ બાકી હોય – જે ભરપાઈ કરવુ પડશે, પરંતુ – સદર મીલ્કત તેઓએ – કરણભાઈ વિઠલભાઈ મેવસા પાસેથી વેચાણે લીધેલ હોય – જેનુ કોઈ લેણુ બાકી નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજોક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી વાવડી પેટા વિભાગીય કચેરીના અરજદાર અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા દ્વારા નવું ઘરવપરાશના વિજ જોડાણ માટે નિયમ અનુસારની A1 ફોર્મ સાથે આનુસંગિક દસ્તાવેજો સાથે અરજી વાવડી પેટા વિભાગીય કચેરીમાં આપેલ જે ૨૭.૦૮.૧૮ના રોજ સ્વીકારેલ. સદર અરજીની કાર્યવાહી હાથ ધરતા રેકર્ડ મુજબ ગ્રાહક નં ૩૪૫૧૩-૦૩૫૧૭-૦ રાજેશભાઈ પરશોતમભાઈ નું બાકી રકમ રૂ. ૮૧૯૨=૫૦ અને ગ્રાહકનં ૩૪૫૧૨-૧૧૬૮૪-૬ c/s નં ૧૨૪૭/૦૮ કરશનભાઈ લાધાભાઇ ના નામે રૂ. ૧૧૮૭૩=૫૨ બાકી રકમ નીકળેલ છે. ઉપરોક્ત બન્ને નામ અરજદારના જોડેલ કેશ પેપરમાં ઉતરોતર દસ્તાવેજમાં દર્શાવેલ છે. સદર બન્ને ગ્રાહકોની બાકી લેણી રકમ વાવડી પેટાવિભાગીય કચેરીની છે. આમ સદર નવા કનેક્શનની અરજી જુનું બાકી લેણું ભરપાઈ ન થવાથી કાર્યવાહી આગળ થઇ શકેલ નથી. અરજદારના પતિશ્રી રાજેશભાઈ ચોટલીયાને પ્રથમ ફોન ઉપર તથા ત્રણેકવાર રૂબરૂ ઓફિસે બોલાવી બાકી રકમ ભરપાઈ કરવા જણાવેલ પરંતુ તેઓ દ્વારા કોઈ રજૂઆત કે નાણા ભરપાઈ કરેલ નથી. જેથી વાવડી પેટાવિભાગીય કચેરીના પત્રનં ૯૮૧૫ તા. ૧૩.૧૧.૧૮ થી લેખિત જાણ કરેલ છે. જેની અરજદારને રૂબરૂ પત્ર આપેલ જેની નકલ આ સાથે સામેલ છે. આમ નવા ઘરવપરાશના કનેક્શનની અરજીમાં ઉતરોતર દસ્તાવેજો ચેક કરતા બાકી લેણી રકમ હોવાથી અરજીની કાર્યવાહી થઈ શકેલ નથી. |

| | |
|---|---|
| | કંપનીના નિયમોનુસર ગ્રાહકને આ બાબતે સમય મર્યાદામાં જાણ કરી આપેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. <br> આમ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ ( વિધુત પુરવઠા સંહિતા અને આનુષગિક બાબતો) ૨૦૧૫ ક્લોઝ ૪.૩૦ મુજબ જ્યાં સુધી કંપનીની બાકી નીકળતી રકમ ભરપાઈ કરવામાં ન આવે ત્યાં સુધી સદરહુ વીજજોડાણ આપી શકાય નહિ. |
| **૨.૨** | ફોરમ કમિટી **મીટીંગઃ તા. ૦૪–૧૨–૧૮ દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર ને અરજદાર ની રજુઆત મુજબ – લેણી રકમ બાબત સ્થળ તપાસ કરીને રીપોર્ટ રજુ કરવા જણાવેલ – જે અનુસંધાને – ફોરમ કમિટી મીટીંગઃ તા. ૧૮–૧૨–૧૮ દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – લેખીતપત્ર તા.૧૭–૧૨–૧૮ થી જણાવેલ કે – અરજદાર ની માંગણી મુજબ ની નવા વીજજોડાણ ની જગ્યા અને મુદદા નં. ૨.૧ મા જણાવેલ બાકી લેણા વાળી જગ્યા અલગ છે, તેમજ અરજદાર ને બાકી લેણા વાળી વ્યક્તિ સાથે કોઈ સબંધ નથી. જેથી, અરજદાર ને નવા વીજજોડાણ માટે ની અરજી ની નોંધણી કરાવવા જણાવેલ. જે થયેથી નિયમાધીન રીતે આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે.** |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **<u>૩</u>** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **<u>૩.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર અસ્મીતાબેન રાજેશભાઈ ચોટલીયા, ગામ:રાજકોટ દ્વારા તા.૨૭–૦૮–૧૮ ના રોજ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે નિયત અરજી ફોર્મ સાથે જરૂરી આધાર–પુરાવા રજુ કરેલ. <br><br> સદર અરજીની કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા હાથ ધરતા રેકર્ડ મુજબ ગ્રાહક નં ૩૪૫૧૩-૦૩૫૧૭-૦ રાજેશભાઈ પરશોતમભાઈ નું બાકી રકમ રૂ. ૮૧૯૨=૫૦ અને ગ્રાહકનં ૩૪૫૧૨-૧૧૬૮૪-૬ c/s નં ૧૨૪૭/૦૮ કરશનભાઈ લાધાભાઇ ના નામે રૂ. ૧૧૮૭૩=૫૨ બાકી રકમ નીકળેલ છે. સદર બન્ને નામ અરજદારના જોડેલ કેશ પેપરમાં ઉતરોતર દસ્તાવેજમાં દર્શાવેલ છે. આમ નવા ઘરવપરાશના કનેક્શનની અરજીમાં ઉતરોતર દસ્તાવેજો ચેક કરતા બાકી લેણી રકમ હોવાથી ગુજરાત વિધુત નિયંત્રક આયોગ ( વિધુત પુરવઠા સંહિતા અને આનુષગિક બાબતો) ૨૦૧૫ ક્લોઝ ૪.૩૦ મુજબ જ્યાં સુધી કંપનીની બાકી નીકળતી રકમ ભરપાઈ કરવામાં ન આવે ત્યાં સુધી સદર વીજજોડાણની અરજીની કાર્યવાહી થઈ શકેલ નથી. <br><br> **ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – લેખીતપત્ર તા.૧૭–૧૨–૧૮ થી જણાવેલ કે – અરજદાર ની માંગણી મુજબ ની નવા વીજજોડાણ ની જગ્યા અને મુદદા નં. ૨.૧ મા જણાવેલ બાકી લેણા વાળી જગ્યા અલગ છે, તેમજ અરજદાર ને બાકી લેણા વાળી વ્યક્તિ સાથે કોઈ સબંધ નથી. જેથી, અરજદાર ને નવા વીજજોડાણ માટે ની અરજી ની નોંધણી કરાવવા જણાવેલ.** |
| **<u>૩.૨</u>** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ને જરૂરી અરજી સાથે – આધાર–પુરાવા રજુ થયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નવા વીજજોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી કરવી, અને સદર કેઈસ મા, સામેવાળા ના જવાબદાર કર્મચારી દ્વારા – જે તે સમયે ઉપરોક્ત મુજબ ની કાર્યવાહી **કરાયેલ હોતતો – અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતેની ફરીયાદ ઉપસ્થિત થવા પામત નહી. જેથી, સામેવાળા ને સુચિત કરવામા આવે છે કે – અરજદાર ની અરજી અન્વયે નિયમાધીન યોગ્ય કાર્યવાહી સમયમર્યાદામાં કરવી, જેથી ભવિષ્યમાં સદર પ્રકારની ફરીયાદ ઉપસ્થીત થાય નહી.** |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ០૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.